सत्यमेव जयते

**<u>કચ્છ–માંડવીનાં  જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુકામ–માંડવી</u>**

**<u>ફોજદારી કેસ નં. ૨૪૭/૨૦૨૬</u>**

*શ્રી સરકાર* ... ફરીયાદી

*<u>–: વિ રૂ ઘ્ધ :–</u>*

*સારીફ ફકીરમામદ ચૌવાણ* ... આરોપી

<u>ગુનો :– પ્રોહી. એકટની કલમ–૬૫ એ.એ. મુજબ</u>

આ કામના આરોપી અદાલતમાં હાજર થઈ આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે જેથી આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આ કામના આરોપી વિરૂઘ્ધ ગુના સબબ તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી, પ્લી રેકર્ડ કરતા તેઓએ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે, આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુનો છે, તેઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. નામદાર ગુજરાતની વડી અદાલતે **<u>૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવરભાઈ હરીચંદ્રજી ઠાકોર</u>**ના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરૂપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે તેવી હકીકત લક્ષમાં લેતા આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

<u>–: હુ ક મ :–</u>

આરોપીને *<u>પ્રોહી. એકટની કલમ–૬૫–એએ</u>* ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા. *<u>૨૦૦</u>*/– અંકે રૂપિયા *<u>બસ્સો</u>* પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–*<u>૦૨</u>* ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

કબ્જે કરવામાં આવેલ મુદામાલનો ધોરણસર નાશ/નિકાલ કરવો.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૧૪–૦૩–૨૦૨૬
**સ્થળ :** માંડવી

**(શ્રીમતિ સ્વાતિ ખત્રી)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૧૭